જિલ્લાના સમાચારો

વલોટી ગામે બ્રહ્મદેવબાપાની સાલગીરી ઉજવાઈ

ગણદેવી | બીલીમોરાના વલોટી ગામે મુખ્ય માર્ગ ઉપર આવેલા બ્રહ્મદેવબાપાના મંદિરે પાંચમી સાલગીરીના ભાગરૂપે સવારે વિષ્ણુયજ્ઞ કરાયો હતો. જેમાં વલોટી ગામના મહારાજ વિજયભાઈ, અમરભાઈ અને એમની સાથે 15 જેટલા ભૂદેવોના સહયોગથી સવારે 8.30થી 12.30 કલાક સુધી વલોટી ગામના સરપંચ જીતેશભાઈ પટેલ એમના ધર્મપત્ની અનિતાબેન સહિત 25 જેટલા જોડાએ આ યજ્ઞમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે વલોટી તેમજ આજુબાજુ વિસ્તારના મોટી સંખ્યામાં ભક્તજનોએ પુજા-હવન, મહાપ્રસાદમાં ભાગ લીધો હતો તેમજ મંદિરના ટ્રસ્ટના ઠાકોરભાઈ પ્રજાપતિ, ભૂપતભાઈ તેમજ ગામના યુવાનોએ આ ઉત્સવમાં ભાગ લઈ સમગ્ર પ્રસંગને દીપાવ્યો હતો.

આહવા ખાતે જે.જે.એક્ટ અને પોક્સો એક્ટ અંતર્ગત કાર્યક્રમ

સાપુતારા | ડાંગના જિલ્લા બાળસુરક્ષા એકમ સહ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા આગામી 18મી જાન્યુઆરીએ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા ખાતે જે.જે. એક્ટ 2015 અને પોક્સો એક્ટ 2012 વિષયક એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. આહવાના ડો.બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે સવારના 10.30થી સાંજના 4 વાગ્યા સુધી આયોજિત આ તાલીમ કાર્યક્રમને ડાંગ કલેક્ટર બી.કે.કુમાર ખુલ્લો મુકશે. આ અવસરે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સહિતના મહાનુભાવો દ્વારા તાલીમ વિષયક જાણકારી આપવામાં આવશે. બાળ સુરક્ષા સેવાને વધુ લોકભોગ્ય બનાવવા તથા બાળલક્ષી યોજનાઓ, સેવાઓની જાણકારી છેવાડાના લોકો સુધી પહોંચાડવાના હેતુસર આયોજિત આ તાલીમ કાર્યક્રમમાં તાલુકા કેળવણી નિરીક્ષકો, બીઆરસી, સીઆરસી, બીઆરપી જેવા અંદાજિત 50 જેટલા તાલીમાર્થીઓ ભાગ લેશે.

NCC એન્યુઅલ કેમ્પમાં ગણદેવી ગર્લ્સ હાઈ.નું ગૌરવ

ગણદેવી | ગુજરાત ગર્લ્સ બટાલિયન એનસીસી દ્વારા રાજપીપળા ખાતે કમ્બાઈન એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ગણદેવીની ડી.આઈ.કાપડિયા ગર્લ્સ હાઈસ્કૂલની 35 વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં મદાવતી વિશ્વકર્મા ડ્રીલ સ્પર્ધામાં પ્રથમ, વ્યક્તિગત ડ્રીલ અને સોલોસોંગ તેમજ ગ્રુપ ડાન્સ અને ગ્રુપ સોંગમાં પણ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં નેહા તિવારી અને નાઝનીન શેખે સર્ટિફિકેટ મેળવ્યા હતા. ગર્લ્સ હાઈસ્કૂલના માધ્યમિક વિભાગના શિક્ષિકા સેકન્ડ ઓફિસર જ્યોતિબેન પાંચાલે ઓફિસર તરીકે ફરજ બજાવી હતી. શાળાના આચાર્યા વર્ષાબેન મહેતા અને શાળા પરિવારે એનસીસી કેડેટોને અભિનંદન પાઠવ્યા હતા.

નૂતન શિક્ષણ સમાજ સંસ્થાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાશે

નવસારી | નૂતન શિક્ષણ સમાજ, વેસ્મા સંચાલિત માધ્યમિક શિક્ષણ વિદ્યાલય ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પાર્વતીબેન ગોપાળજી વશી પ્રાથમિક વિભાગ વિજયદેવ રતનજી મિસ્ત્રી વિજ્ઞાન પ્રવાહનાં વર્ષ 2017-18 નાં તેજસ્વી તારલાઓને સન્માનવાનો તથા વર્ષભરની પ્રવૃત્તિઓનાં વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ પ્રમુખ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંગુભાઈ નાથુભાઈ પટેલ યુએસએ તથા અતિથિ વિશેષ અંબુભાઈ નાથુભાઈ પટેલ યુએસએ અરૂણભાઈ દલુભાઈ પટેલ યુએસએ હાજર રહેશે. તા. 18.1.2018 ગુરવારે બપોરે 2 કલાકે શાળાના સભાખંડમાં યોજાશે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, દાતાઓને સમારંભમાં પધારવા નૂતન શિક્ષણ સમાજ વેસ્માના પ્રમુખ ચેતનભાઈ પટેલ માનદમંત્રી અશોકભાઈ ખુશાલભાઈ મિસ્ત્રી આચાર્ય અશોકભાઈ ખુશાલભાઈ મિસ્ત્રી, આચાર્ય અશોકભાઈ પટેલ અને આચાર્ય ધર્મેન્દ્રભાઈ પટેલે હાજર રહેવા જણાવ્યું છે.

સુખાબારી ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશબંધી

નવસારી | નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સુખાબારી ગામે 27મીથી 20મી ફેબ્રુઆરી દિન-31 સુધીના દિવસ દરમિયાન રોજ સવારના 8 વાગ્યાથી નવસારી જિલ્લાના પોલીસકર્મીઓનો ફાયરીંગ તથા અશ્રુવાયુની પ્રેકટીસ યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજુસ્ટ્રેટ કે.એસ. વસાવાએ એક જાહેરનામા દ્વારા ગોળીબાર પ્રેકટીસ દરમિયાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને ફરવા કે ઢોરઢાખર પ્રવેશ પર ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ-135 મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગમખ્વાર ઘટના | ઓવરટેક કરવા જતાં ટ્રક સાથે વાન ધડાકાભેર અથડાઈ, અન્ય બે વાહન પણ અથડાયાં

અંભેટા ગામે ટ્રિપલ અકસ્માત, 1નું મોત, 8ને ઈજા

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા: બીલીમોરા નજીકના અંભેટા ગામે સર્જાયેલા ચાર વાહનોના ગમખ્વાર અકસ્માત થયો હતો. કારચાલકે ઓવરટેક કરવા જતાં સામેથી આવતી શેરડી ભરેલી ટ્રકમાં ઈકો ગાડી ધડાકાભેર અથડાવી હતી. આ અકસ્માતમાં વેગામના યુવકનું મોત નીપજ્યું હતુ. અકસ્માતમાં એક છોટા હાથી ટેમ્પો અને અન્ય ગાડીને પણ નુકસાન થયુ હતુ, જ્યારે ટેમ્પોમાં સવાર 8 લોકોને ઈજા પહોંચી હતી. બીલીમોરા પોલીસે તપાસ હાથ ધરી છે.

એક છોટા હાથી ટેમ્પો અને અન્ય એક ગાડીને પણ અકસ્માતને પગલે નુકસાન, શેરડી ભરેલી ટ્રક પણ પલટી

બીલીમોરા પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર બુધવારે સવારે 8 વાગ્યાના અરસામાં બીલીમોરા નજીકના અંભેટા ગામની હદમાં જીઈબીના પાવર સ્ટેશન નજીક આવેલ યુનુસભાઈ મુશાભાઈના ખેતર સામે ચાર વાહનો ભટકાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બનાવમાં બુધવારે સવારે 8 વાગ્યાના અરસામાં ગણદેવી તાલુકાના વેગામ, તળાવ ફળિયા ખાતે રહેતા દિવ્યેશભાઈ છગનભાઈ પટેલ (ઉ.વ.34) તેઓ પોતાના નિત્યક્રમ મૂજબ વાપી ખાતે તેમના કામ અર્થે જવા તેમની ઈકો ગાડી નંબર GJ.15. CG.5658 લઈ ગણદેવીથી આલીપોર હાઈવે તરફ જઈ રહ્યાં હતા. તે દરમિયાન તેમની ગાડીની આગળ એક શાકભાજી ભરેલ છોટા હાથી ટેમ્પો નં. GJ.19.V.1497 જઈ રહ્યો હતો અને તેમની પાછળ એક સીઆઝ ફોર વ્હીલ ગાડી નં. GJ.27.BE.3528 ચાલી રહી હતી. દરમિયાન દિવ્યેશભાઈની ઈકો ગાડી ટેમ્પોને ઓવરટેક કરવા જતાં સામેથી આલીપોર તરફથી સુગર ફેક્ટરી ગણદેવી જતી શેરડી ભરેલ આવી રહી હતી.

જેમાં દિવ્યેશભાઈની ઈકો ગાડી ડ્રાઈવર સાઈડ ધડાકાભેર અથડાતા ઈકો ગાડીના આગળના ભાગનો ભુક્કો વળી ગયો હતો અને ચાલક દિવ્યેશભાઈ છગનભાઇ પટેલનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યુ મૃત્યુ નીપજ્યું હતુ. અકસ્માત એટલો જોરદાર હતો કે અકસ્માત બાદ ટ્રક પણ રોડ સાઈડે ઉતરી પલ્ટી ગઈ હતી.

આ સાથે ટ્રકની અડફટે ઈકો ગાડીની આગળ ચાલતો ટેમ્પો અને પાછળ ચાલતી સિયાઝ ગાડીને પણ અકસ્માત કરતા ટેમ્પો પલ્ટી ગયો હતો. જ્યારે સિયાઝ ગાડીને પણ નુકશાન થયું હતુ. આ અકસ્માતમાં ટેમ્પોમાં બેઠેલા લોકોને પણ નાની-મોટી ઈજા થતાં એમણે નજીકની આલીપોર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં સિયાઝ ગાડીના ચાલક અને ડો.સુનિલભાઈ ગ્યારસિલાલ જાંગિડ (ઉ.વ.30) નાઓએ બીલીમોરા પોલીસમાં આપેલ ફરિયાદના આધારે બીલીમોરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શાકભાજી ભરેલો ટેમ્પો પલટી ગયો

આ ઘટનામાં ઈકો ગાડીની આગળ ચાલી રહેલ શાકભાજીનો ટેમ્પો પણ અકસ્માતને પગલે પલ્ટી મારી જતા તેમાં બેઠેલ 8 જણને ઈજાઓ આવતા તેમને ચીખલી આલીપોર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જેમાં કમરીબેન મંગુભાઈ નાયકા, (65) રહે.આલીપોર, વળવંતભાઈ વિઠ્ઠલભાઈ કુબેર, (46) રહે. દેગામ, ગંગાબેન ઉમેદભાઈ નાયકા, (55) રહે. દેગામ, નયનાબેન રમણભાઈ પટેલ, (47) રહે. સમરોલી, સીતાબેન જગુભાઈ નાયકા, (40) રહે. ચીખલી, ઝીણીબેન નરસિંહભાઈ પટેલ, (65) રહે. સમરોલી આ તમામ લોકોને સામાન્ય શારીરિક ઈજાઓ થઈ હતી. જ્યારે બાવીબેન ખંડુભાઈ પટેલ, (50) રહે. સમરોલીને માથાના ભાગે અને થાપાના ભાગે ઈજાઓ આવી હતી અને નયનાબેન અમરતભાઈ તલાવીયા (50), રહે. દેગામનાઓને પણ જમણા ખભા પર તેમજ માથાના ભાગે અને ડાબા હાથ પગ પર ઈજાઓ આવતા આ બંનેને આલીપોર ખાતે સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં છે.

ધૂમ સ્ટાઈલ બાઈકરોનો આતંક તબીબ અને વૃદ્ધને ગંભીર ઈજા

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલી નગરના મુખ્યમાર્ગ પર રાત્રિ સમયે એક અજાણ્યો વાહન ચાલક પૂર ઝડપે હંકારી આવી એક મહિલા તબીબને અડફટેમાં લેતા અકસ્માત થયો હતો. જેમાં મહિલા તબીબને ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

ત્યારબાદ અડધા કલાક પછી વધુ એક મોટરસાયકલ ચાલકે મુખ્યમાર્ગ પરથી પગપાળા જતાં એક વૃદ્ધને અડફેટમાં લેતા ગંભીર ઈજા થઈ હતી. નગરના મુખ્યમાર્ગ પર ધૂમ બાઈકની સ્ટાઈલમાં પૂરપાટ ઝડપે હંકારતા મોટરસાયકલ ચાલકો ફરી સક્રિય બની રહ્યા છે. અને બે નિર્દોષને અકસ્માત કરી હોસ્પિટલ ભેગા કરી દેતાં નગરજનોમાં પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ પ્રગટ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ બારડોલીની ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવી મહિલા તબીબ ડો. દિપ્તીબહેન ચૌધરી મંગળવારની રાત્રી દરમિયાન પોતાની મોપેડ પર મુખ્યમાર્ગ પર 9:00 વાગ્યે મુદીત પેલેસના સર્કલ પરથી પસાર થતી હતી.

આવા બેફામ બાઈકરોને ડામી દેવાશે

નગરના મુખ્યમાર્ગ પર રાત્રે પોલીસ ફરતી રહેશે, અને પૂર ઝડપે વાહન હંકારનાર જોવા મળે તો, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમાર્ગ પર પેટ્રોલિંગ સમયે ખાસ નજર રહેશે. **» ડી. એન.ખાંટ,** પોલીસ ઈન્સ્પેકટર, બારડોલી

વ્યારાની મહિલા 21 વર્ષીય પુત્રી સાથે ગુમ

વ્યારા | વ્યારામાં એક પરિવારની પત્ની અને પુત્રી સોમવારે પરિવારને જાણ કાર્ય વગર ક્યાંક જતા રહ્યાં હતા. જે અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

વ્યારા નગર ખાતે ધનસુખભાઈ નારણભાઈ પંચાલ તેના પરિવાર સાથે રહે છે. ગત સોમવારે બપોરના સુમારે તેની પત્ની નિકક્ષા પંચાલ (45) અને પુત્રી ક્રિષ્ના પંચાલ (21) દ્વારા ઘરે કોઈ ને પણ જાણ કાર્ય વગર એક્ટિવા મોટરસાયકલ નં (જીજે-05 પીજી- 5779) લઈ નીકળી ગયા હતા. સાંજ સુધી પરત ન ફરતા ધનસુખભાઈ દ્વારા સગાસંબંધીઓ ને ત્યાં તપાસ કરવા છતાં કોઈ ભાળ ન મળતા બુધવારના રોજ વ્યારા પોલીસ મથકે પત્ની અને પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવાઈ છે.

ટ્રસ્ટની જમીન પર દબાણના વિરોધમાં સાયણ બંધ, ખેડૂતોનું વિરોધ પ્રદર્શન

ગામના આગેવાનો વિરૂદ્ધ ખોટી ફરિયાદથી ગ્રામજનોનો રોષ ભભૂકી ઉઠ્યો

ભાસ્કર ન્યૂઝ | ઓલપાડ

સાયણ સુગર રોડ ખાતે આવેલી ટ્રસ્ટની જમીન પર કેટલાક ઈસમો દ્વારા બિનઅધિકૃત રીતે કેબિનો ગોઠવી માટી પુરાણ કરી ગેરકાયદેસરનો કબજો કરવાની કામગીરીનો ગામના ખેડૂતો અને યુવાનોએ ભેગા મળી વિરોધ કર્યા બાદ ટ્રસ્ટની જમીન પર થયેલા દબાણને દૂર કરવા ખેડૂત આગેવાનોની મિટિંગ યોજાઈ હતી. આ મિટિંગમાં બહારના તત્વોએ આવી ધમાલ કર્યા બાદ પોલીસમાં જઈ ગામના આગેવાનોના નામે ખોટી ફરિયાદ કરવાની વાતે વિરોધ નોંધાવ્યો હતો. સાયણ ગામે તમામ વેપારીઓ અને દુકાનદારોએ સ્વયંભૂ બંધ સાથે જોડીને સજ્જડ બંધ કરી વિરોધ નોંધાવ્યો છે.

સાયણ ગામે સાયણના ગ્રામજનો દ્વારા બનાવેલ હવાડા ટ્રસ્ટ કે જેનો વહીવટ ગામના આગેવાનો કરતા આવ્યા છે. હાલ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ હયાત ન હોવાથી ટ્રસ્ટની સાયણ સુગર રોડ પર આવેલી પડતળ જમીન આવેલી છે. જેની પર ગામના કેટલાક ઈસમોએ જમીન પર ગેરકાયદે કબજોકરી પચાવી પાડવાની ફિરાકમાં છે. અહીં કેબિનો ગોઠવી માટી પુરાણ કરવાની કામગીરી થતી હોવાની જાણ આગેવાન ખેડૂતો અને પંચાયતના સભ્યોને થતા મંગરવારે સૌ ભેગા મળી દબાણની કામગીરી બંધ કરાવવા સાથે અહીં થયેલા દબાણો દૂર કરવા કાયદેસરની કાર્યવાહી કરવા માટે સાંજે પંચાયત ખાતે મિટિંગ મળી હતી.

બંધને નિષ્ફળ બનાવવા માજી સરપંચે મેસેજ કર્યા

સોશીયલ મિડીયા પર એક તરફ ગ્રામજનોના બંધનું એલાન સાથેના મેસેજ ફરતા તો બીજી તરફ બંધને નિષ્ફળ બનાવવા કામે લાગેલા ગામના માજી સરપંચ અશ્વિન આર ઠક્કરે દુકાનદારોને દુકાન બંધ ન રાખવાના મેસેજ કર્યા હતા. જ્યારે ગ્રામજનો સાથે અહિત થતું હોઈ ત્યારે ગ્રામજનો સાથે રહેવાને બદલે આ રીતે બંધને નિષ્ફળ બનાવવાની માજી સરપંચની કામગીરી ગ્રામજનોમાં ચર્ચાનો વિષય બની હતી.

બારડોલીમાં પીવાના પાણીમાં જીવાત નીકળતી હોવાની ફરિયાદો ઉઠી

પીવાના પાણીની લાઈનમાં દૂષિત પાણી ભળતું હોવાની શક્યતા

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલીના હિદાયત નગરમાં ગટરનલાઈનનું દુષિત પાણી પીવાના પાણી સાથે ભળી જતાં લોકોના ઘરમાં ગંદુ પાણી આવતું હોવાથી ફરિયાદ ઉઠી છે. પાલિકા છેલ્લા ત્રણેક દિવસથી લાઈનનું ભંગાણ બાબતે તપાસ કરી રહી છે. પરંતુ કશુ હાથ લાગ્યું નથી. બે દિવસ પાણીમાં જીવાત પણ મળી હોવાની ફરિયાદ કરી છે. સ્થાનિક રહીશો દુષિત પાણીનો ઉપયોગ કરવાથી રોગચાળો થવાની દહેશત સેવી રહ્યાં છે.

હિદાયત નગરમાં આવેલ પાલિકાની મચ્છી માર્કેટના ટેકરા વિસ્તારના રહીશો માટે પીવાના પાણીની સમસ્યા છેલ્લા ત્રણેક દિવસથી સહન કરી રહ્યાં છે. આ વિસ્તારમાં પીવાનું પાણી દૂષિત આવી રહ્યું છે. બે દિવસ પીવના પાણીમાં જીવાત પણ મળી હોવાનું સ્થાનિક રહીશો જણાવે છે. આટલી ગંભીર સમસ્યા નગરજનો સહન કરી રહ્યાં છે. આ ગંભીર સમસ્યા બાબતે પાલિકામાં પણ જાણ કરવામાં આવી હતી. જેથી તાત્કાલિક પાણી વિભાગના કર્મચારીઓએ સ્થળ વિઝીટ કરી હતી. પાણીની લાઈનમાં ગટર લાઈનનું દૂષિત પાણી ભળી રહ્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પાલિકા ગટર અને પાણીની લાઈન મિશ્ર થવાનું સ્થળ શોધવાની કામગીરી પાલિકા સતત ચલાવી રહી છે. પાલિકાના વિરોધપક્ષના મહિલા નગરસેવકોને સ્થાનિક રહીશોએ રજૂઆત કરતાં તાત્કાલિક પાલિકા પ્રમુખ ડિમ્પલબહેન પટેલને પણ જાણ કરી હતી.

લાઈનમાં ફોલ્ટ મળતાં જ રિપેરિંગ કરાશે

દૂષિત પાણી અંગેની ફરિયાદ મળતાં જ તાત્કાલિક એક ટીમ ભંગાણ બાબતે તપાસ શરૂ કરી છે. ફોલ્ટ મળતાં જ રિપેરિંગ કરાશે. **» કિરણભાઈ ચૌધરી,** હાઈડ્રોલિક એન્જિનિયર, નગરપાલિકા બારડોલી

તેમણે યોગ્ય નિરાકરણ લાવવા જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે. રણ દિવસ પછી પણ હિદાયત નગરનું ભંગાણ મળ્યું નથી. આવા સંજોગોમાં દૂષિત પાણીનો ઉપયોગ આરોગ્ય માટે પણ જોખમી સાબિત થઈ રહી છે.

અંત્રોલી ખાડીમાંથી અજાણ્યા યુવકની લાશ મળી આવી

કામરેજ | કામરેજ તાલુકાના અંત્રોલી ગામની સીમમાં અંત્રોલી થી ધોરણપારડી જતા રોડની બાજુમાં આવેલી ખાડીના પાણીમાં બુધવારના રોજ સવારે 9.00 કલાકે અજાણ્યા ઈસમની લાશ મળી આવતા ગામના ડો.સરપંચ જયેશભાઈને જાણ થતા કામરેજ પોલીસને જાણ કરતા જમાદાર અંબારામભાઈ ઘટના સ્થળે સ્ટાફ સાથે દોડી જઈ તપાસ કરતા મરનાર ઈસમના મોઢાના ભાગે લોહી નીકળેલી હાલમાં લાશ મળી આવતા અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. કઠોર સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે બે તબીબની પેનલમાં પીએમ કરાયું હતુ. મરનાર ઈસમે શરીર પર કાળા રંગનુ જેકેટ તથા સફેદ રંગનુ શર્ટ પહેર્યું છે.

ચીખલીના મહુડીથી દારૂ સાથે એક ઝડપાયો

નવસારી | મહુડી ગામે તાડ ફળિયામાં ખુલ્લી જગ્યામાંથી પોલીસને દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દારૂની હેરાફેરીમાં કંબાડા ગામના રમેશ નાયકા નામના યુવાનની સંડોવણી બહાર આવતા રૂ. 26,200ની કિંમતના દારૂ સાથે તેની ધરપકડ કરી હતી. આ દારૂનો જથ્થો ચીખલીના પ્રવીણ નામ બહાર આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ટોકિયો ફાઇનાન્સ લિમિટેડ

રજી. ઓફિસ: ફ્લેટ નં. [illegible], ગાલેક્ષ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, કાંજીમાર્ગ રોડ, ઘાટકોપર, મુંબઈ અને સિન-[illegible], CIN: L65923MH1994PLC079763, વેબસાઈટ: www.tokyofinance.in, ટેલિ: +91-22-61453300, ફેક્સ: +91-22-66914499

નોટીસ

કંપનીના નિયમો ૧૦ સાથે નિયમો 29 અંતર્ગત જાહેર અને જાહેર કરવામાં આવે છે કે, 21 ડિસેમ્બર, 2017 ના રોજ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મિટિંગ 31 જાન્યુઆરી, 2018 ના રોજ યોજાશે.

વધુ વિગતો માટે શેરહોલ્ડરો મુલાકાત લઈ શકે છે. કંપનીની વેબસાઈટ www.tokyofinance.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com

સ્થળ: મુંબઈ
તા. 17/01/2018
બોર્ડના આદેશ અનુસાર
સહી/-
કંપની સેક્રેટરી

ટોકિયો પ્લાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ

રજી. ઓફિસ: ફ્લેટ નં. [illegible], ગાલેક્ષ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, કાંજીમાર્ગ રોડ, ઘાટકોપર, મુંબઈ અને સિન-[illegible], CIN: L25209MH1992PLC067763, વેબસાઈટ: www.tokyoplast.in, ટેલિ: +91-22-61453300, ફેક્સ: +91-22-66914499

નોટીસ

કંપનીના નિયમો ૧૦ સાથે નિયમો 29 અંતર્ગત જાહેર અને જાહેર કરવામાં આવે છે કે, 21 ડિસેમ્બર, 2017 ના રોજ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મિટિંગ 31 જાન્યુઆરી, 2018 ના રોજ યોજાશે.

વધુ વિગતો માટે શેરહોલ્ડરો મુલાકાત લઈ શકે છે. કંપનીની વેબસાઈટ www.tokyoplast.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com

સ્થળ: મુંબઈ
તા. 17/01/2018
બોર્ડના આદેશ અનુસાર
સહી/-
કંપની સેક્રેટરી

અશુભ

આથી દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની પટેલ પુષ્પાબેન ભીખુભાઈ, સંવત ૨૦૭૪ પોષ વદ ચોદસ તા. ૧૫.૧.૨૦૧૮ને સોમવારના દિને દેવલોક પામ્યા છે તે જાણશોજી. સદ્ગતનું બેસણું તા. ૧૯.૧.૨૦૧૮ શુક્રવારના દિને, તુલસી પુજન તા. ૨૫.૧.૨૦૧૮ ગુરુવારના દિને સવારે ૧૧ કલાકે, બારમું તા. ૨૬.૧.૨૦૧૮ ને ગુરુવારના દિને ૧૨ કલાકે

લિ.
પટેલ ભીખુભાઈ રતિલાલ (તા.પ્રા. શિ.સંઘ વલસાડ) ઉપપ્રમુખ
પટેલ દીનેશકુમાર ભીખુભાઈ (પુત્ર)
પટેલ જેનીનકુમાર ભીખુભાઈ (પુત્ર)
પટેલ અલ્પા દીનેશકુમાર (પુત્રવધુ)
મુ. કુંવારી, તેલીયા ફળીયા તા.જી. વલસાડ

સ્વ. પટેલ પુષ્પાબેન ભીખુભાઈ
સ્વ. તા. ૧૫.૧.૨૦૧૮

સાતમી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સમય પહેલા સૂર્ય અસ્ત થયો જાણે શુક્રવારમાં અંધકાર છવાઈ ગયો, અણધારી વિદાય લઈ તું પ્રભુમાં સમાઈ ગયો, હજુ એવું લાગ્યા કરે કે તું અત્રપત્ર છે. તું સદાયે અમારા દિલમાં રહેશે અને તારી યાદ સદાયે મહેકતી રહેશે. તારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
શેઠ રમેશભાઈ મનસુખલાલ શાહ તથા સમસ્ત શેઠ પરિવાર
સ્થળ: લક્ષ્મી પેલેસ શાંતિ નગર, વાપી

સ્વ. કેયુર રમેશભાઈ શાહ
સ્વ.તા.૧૮/૧/૧૧

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતા તથા જાહેર આલમને જાહેર કરી જણાવીએ છીએ કે, હમો એડવોકેટ પરભુભાઈ એન. પટેલ તે હમારા અસીલો સ્વ.શંકર પનજીના પુત્ર સુરેશ શંકર માછી તથા સ્વ.પાર્વતી સાગુબાના વારસો મહેન્દ્ર, પ્રકાશ, વિઠ્ઠલભાઈ, ભગવતી નવીના, કંચનનાઓની સુચના અને ફરમાશ અન્વયે સદરહુ જમીન તમો ખરીદનાર અનુપ નવનીતરાય દેસાઈ, રહેવાસી : ૮, સાગર એપાર્ટમેન્ટ, વિપુલ પાર્ક પાસે, ને.હા.નં.૮, કિલ્લા પારડી, તા.પારડી, જી.વલસાડના તથા વેચનાર સાગર સાગુબા માછી, લક્ષ્મણ સાગુબા માછી, સુરેખા નારણ માછી, મસરંબા નારણ માછી, બાલકૃષ્ણ નારણ માછી, કિરણ નારણ માછીનાઓ તમો એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં ગેરકાયદેસર કાર્યવાહી કરી હમારા અસીલ મજકુરોની સંયુકત હિસ્સાની અને ભાગીદારીની દાદાથી ઉતરી આવેલી જમીન જે મોજે ખતલવાડાની ખાતા નં. ૧૧૨ માં આવેલી સર્વે નં. ૪૨૯/૮, ૪૩૦/૧, ૪૩૧/૧, ૪૩૨/૪ તથા ૩૮૮/૩ સિવાય સઘળી જમીન તમોએ ખોટી પોસીજર એડપ્ટ કરી હમારા અસીલ મજકુરોને રજા, સમંતિ કે પરવાનગી લીધા વિના બારોબાર વેચી દીધેલી છે અને તેમાં તમોએ અન્ય કાર્યવાહીઓ પણ ખોટુ પેઢીનામુ કરી, ખોટી એફીડેવીટ કરી સદરહુ જમીનના મુળ માલીક જુના રેકર્ડ મુજબ પનજીના પુત્ર સાગુબા પનજી, સુરેશ પનજી અને શંકર પનજીનાઓની સંયુકત નામ ચાલી અને માલીકી હકે ચાલી આવેલી હતી તેમ છતાં હમારા અસીલોની જાણ બહાર તમોએ હમારા અસીલોની હિસ્સાવાળી અને કબજા ભોગવટા વાળીવટની સદરહુ જમીન તમોએ વેચી દીધેલી છે જેની જાણ હમોને હાલે થયેલ છે. જેથી આ પ્રેસ નોટ આપી તમામ ને આથી જાહેર કરી જણાવીએ છીએ કે હવે પછી તમો તમારે સદરહુ જમીન કોઈપણ ત્રાહિત ઈસમને વેચાણ લીસો બક્ષીસ કે વેચાણ દસ્તાવેજોથી કે અન્ય લખાણથી ટ્રાન્સફર કરવી કરાવવી નહી અને જો કરશો કે કરાવશો અને આ પ્રેસ નોટ છોવા છતાં ત્રાહિત ઈસમ સદરહુ જમીન ખરીદશે તો તેમ થતા હમારા અસીલ મજકુરને તેમના ચાલી આવેલા હક, હિત, હિસ્સાને કે કબજાને નુકશાન થશે યા નુકશાન કરશો તેની સઘળી જવાબદારી આથી તમોશ્રીઓની ગણાશે. તેમજ સદરહુ જમીન બાબતે હાલે જુદી જુદી કોર્ટમાં વિવાદ ચાલે છે જેથી આ જમીન તકરારી જમીન છે અને હમારા અસીલ મજકુર સદરહુ તમોએ કરેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ દિવાની સાલે દાદ મેળવી રદ કરશે જેની પણ ગંભીરતાથી નોંધ લેશો.

સહી/-
(પી. એન. પટેલ) એડવોકેટ
રહે. મોટા વાઘછીપા,
તા.પારડી, જી.વલસાડ,
મો.નં. ૯૮૨૫૧૧૪૫૧૮.

છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. શ્રીમુભાઈ બાલાભાઈ પધાન
જન્મ તા.૦૧/૦૭/૧૯૪૪ સ્વ.તા.૧૮/૦૧/૨૦૧૨

તમારા જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હંમેશા અમારા હૈયે રહે તેવાં કર્મો કરશું. વિધિના કળમને કર્મ પામર માનવીઓ પાસે નથી. જીવન... સંસ્મરણ રહ્યા તને સ્મરણથી યાદ. ઉંમે વસતા રહ્યા. અને જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી પરમાત્મને પ્રાર્થના કરતાં રહીશું. પ્રભુ તમારા પરમ આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
સુમિત્રાબેન શ્રીમુભાઈ પધાન(પત્ની)
દિપકભાઈ શ્રીમુભાઈ પધાન(પુત્ર) નિલેશભાઈ શ્રીમુભાઈ પધાન(પુત્ર)
મનીષભાઈ શ્રીમુભાઈ પધાન(પુત્ર)
અને પધાન પરિવાર
સોફેરા : મધુવન ડ્રોલીની, ડરાડ, દાદરા નગર હવેલી

ચોથી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. દોલતરાય ભગવાનજી દેસાઈ
સ્વ.તા.૧૮/૦૧/૨૦૧૪

આપના ઉત્તમ કાર્ય અને નિઃસ્વાર